ગાંધીનગર સમાચાર

# કોરોના ફિલ્મીસ્તાનમાં

હાશ હજી નિરાંત છે, કોરોના ફિલ્મોમાં નથી પ્રવેશ્યો!

થોડોક વખત જવા દો પછી જોજો, એકવાર આ ખતરનાક વાયરસ ફિલ્મોમાં ઘૂસ્યો કે એને નીકળતા વરસો વીતી જવાના. કેવી કેવી ફિલ્મ બનશે અને કેવા કેવા રોલમાં કોરોના છવાઈ જશે એ વિચારીને જ મને તો ધ્રુજારી છૂટે છે.

કેટલાકની કહાની લૉકડાઉન ઉપર ચોંટી જશે અને એ જ થીમ ઉપર એકધારી ફિલ્મ બનાવે રાખશે. એમની ફિલ્મના નામ હશે, “લૉકડાઉન સે પહલે”, “લૉકડાઉન કે બાદ”, “લૉકડાઉન, મેં ઔર પ્યાર”, “પતિ, પત્ની ઔર લૉકડાઉન”.

કેટલાક ઉત્સાહી ફિલ્મ મેકર્સ થાળી વગાડવાના અને દિવડા પ્રગટાવવાના સીનને કેન્દ્રબિંદુ તરીકે લઈ એની આસપાસ જ વાર્તા ઘડી કાઢશે. આપણા ગુજરાતી ફિલ્મવાળા તો એમાંય પાછા ગરબા ઘુસાડવાના અને એમાં ગીત પણ મૂકશે,

“અમે તો માસ્ક પહેરીને ગરબા રમ્યા રે.... મને કોરોના નહિ થાય રે...”

કેટલાક લોકો લૉકડાઉન પછીની ફિલ્મ બનાવશે. “બહાર નીકળ્યા અને પોલીસે પકડ્યા”, “મેરા માસ્ક મેરી પહેચાન”, “ધંધા મંદ અને ખર્ચા દબંગ”, “સેનીટાઈઝર”

કેટલાક વધારે હોશિયાર માણસો સીધો કોરોના વાયરસને પકડશે. કેવી રીતે એ ચીનમાંથી ભારત સુધી લાંબો થયો અને આખા દેશમાં ફેલાયો એના



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

વિશે ફિલ્મ બનાવશે. ક્યાંક કોઈ માલદાર પ્રોડ્યુસર વિદેશમાં ચક્કર મારી આવે અને લેબોરેટરીમાં વાયરસ કેવી રીતે બનાવવામાં આવ્યો એ એમણે નજરે જોયું હોય એ રીતે બતાવશે.

ક્યાંક ક્યાંક લાગણીસભર વાર્તાઓ પણ જોવા મળશે. પગપાળા વતન જઈ રહેલ મજૂરો અને એના પરિવારની વાર્તા જોવા મળશે. વૃધ્ધાશ્રમમાં મૂકેલા માતાપિતાને થોડો વખત ઘરે લઈ જવા પડે અને ત્યાં જે પરિસ્થિતિ ઉભી થાય એની ઉપર ફિલ્મ આવશે. બે પ્રેમી પંખીડાને અલગ રહેવું પડે એવી વાર્તા, તો માંડ માંડ ગોઠવાયેલા લગન કોરોનાને કારણે અટક્યા એ ઉપર પણ જથ્થાબંધ વાર્તા લખી ફિલ્મ બનશે.

હજી આગળ વિચારો ઘરમાં કોઈ વ્યક્તિ પોઝિટિવ આવે છે. એને હોસ્પિટલે મૂકી આવવાથી લઈને પાછું લાવવા સુધીની ત્રણ કલાકની મસ્ત ફિલ્મ બનાવી શકાય. ઘરમાં રૂપિયાની તંગી, કંપની બંધ, પૂરતો પગાર નથી મળી રહ્યો અને બાપુજીને શરદી, ઉધરસ થઈ જાય છે. ક્યાંક બે દિવસ રોકાવા આવેલા સગાને લૉકડાઉનને લીધે લાંબો સમય રોકાઈ જવું પડે છે અને વરસો જૂના સંબધોમાં જે બદલાવ આવે એની ઉપર બનતી ફિલ્મ હશે.

અહીંયા છેતરપિંડી અને મર્ડર મિસ્ટ્રી પણ આવશે. નકલી દવાઓ, દવાઓના કાળા બઝાર, કેટલીક હોસ્પિટલોની રૂપિયા કમાઈ લેવાની લાલચ અને કેટલીક હોસ્પિટલમાં સ્ટાફના અભાવે હાલાકી ભોગવી રહેલા દર્દીઓની કથા કહેવાશે.

આ બધાની વચ્ચે કોરોના વોરિયર્સ ઉપર એમને હીરો સ્વરૂપે ઉભારતી ફિલ્મ પણ ધૂમ મચાવશે. ક્યાંક ફરજ પર ખડે પગે હાજર પોલીસ, બેંક કર્મચારી, હોસ્પિટલ સ્ટાફ, ફાર્મા કંપનીમાં કામ કરતાં લોકો, ડ્રાઈવર વગેરે ઉપર વાર્તા આવશે.

આ બધા સિવાય પણ બીજા અનેક વિષય ઉપર કોરોના ને લઈને ફિલ્મ આવશે. એક વખત નહિ અનેક વખત એકના એક વિષય ઉપર ફિલ્મ બનાવવામાં આવશે. ક્યાંક હોલીવુડની ફિલ્મની કોપી મરાશે તો ક્યાંક જાતે જ વૈજ્ઞાનિક બનીને વાઈરસ વિશે શોધખોળ કરતી, એની રસી તૈયાર કરતી ફિલ્મ પણ આવશે.

તમને એવું તો નથી થઈ રહ્યું ને કે આ તો મારો આઈડિયા હતો, મારે આ ટોપિક ઉપર ફિલ્મ બનાવવી હતી અને મેં તમારો આઈડિયા ચોરી લીધો? તમને પૂરી છૂટ છે હોં મારા જે ગમે એ આઈડિયા પર ફિલ્મ બનાવવાની. મારા ફળદ્રુપ ભેજામાં તો આવા અસંખ્ય આઈડિયાની આવન જાવન ચાલું જ છે.

આટલી લાંબી ચર્ચા કરી મારું કહેવાનું એટલું કે કોરોનાની અસરમાં આવેલી ગયેલી ફિલ્મી દુનિયાને એનાથી મુક્ત થતાં વરસો લાગી જવાના. છેલ્લે છેલ્લે, ક્યાંક ને ક્યાંક, કોઈ ને કોઈ સીનમાં કોરોના પ્રગટ થતો રહેવાનો. ફિલ્મ જોવાનો મારો શોખ છે એટલે એ બધી ઘટનાઓ હું જોઈ જ લઈશ બસ એને સહન કરવાની પ્રભુ શક્તિ આપે...


@kapadianiyati




આજની પરિસ્થિતિ ને અનુસરીને ઓનલાઈન શિક્ષણ પદ્ધતિ હેઠળ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, પ્રિ-પ્રાઈમરી વિભાગના બાળકોને જૂલાઈ માસ દરમિયાન ‘એક્ટિવિટી બેસ લર્નિંગ’માં નારંગી, લીલો, વાદળી અને સફેદ રંગોની પ્રાકૃતિક અને કુદરતી જ્ઞાનસભર માહિતી વિવિધ રોજ બરોજની ઘરમાં ઉપલબ્ધ વસ્તુઓ, રમકડાં,ફળ,શાકભાજી દ્વારા શીખવાડવામાં આવી. તદ્ઉપરાંત રક્ષાબંધન તહેવાર ની જાણકારી આપીને ઘરમાં ઉપલબ્ધ સામગ્રી દ્વારા ‘હોમ મેડ’ રાખડી બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ બધી પ્રવૃતિમાં બાળકો, શિક્ષકો સાથે વાલીઓનો સહકાર બહુ સરાહનીય રહ્યો છે.

# ગાંધીનગરમાં રામભક્તો ભાવુક બન્યા

**શ્રી રામ જન્મભૂમિ પૂજન પ્રસંગે ફુલશંકર શાસ્ત્રીજી અને ૧૯૮૯માં વિશ્વ હિન્દુ પરિષદ, ગાંધીનગરના પ્રમુખ રહી ચૂકેલા ઉમેશભાઈ ઓઝાના સંસ્મરણો તાજા થયા**






ગાંધીનગર, તા. ૫

સામા પ્રવાહે તરીને જે અનેક લોકોએ રામ જન્મભૂમિ અને રામ મંદિરના ભવ્ય નિર્માણની કલ્પના કરી હતી, તેને સાકારિત કરવા ૫૫૦ વર્ષનો લાંબો સમય લાગી ગયો ત્યારે ૧૯૮૫ થી ૧૯૮૯ વચ્ચે જે એક જોરદાર પ્રવેગી ઉત્સાહ માનવ મહેરામણ ‘જય શ્રી રામ’ ના નારા સાથે એકરૂપ થઈ ચુક્યુ હતું. શ્રી રામ જન્મભૂમિ શિલાન્યાસ માટે એક એક ઈંટને પ્રત્યેક દેશમાં ઘર-ઘર સુધી દરેક શિલાઓનું પૂજન કરાવવાનું અભિયાન ચાલ્યું હતું. તે સમયે લોકોનો જે ઉત્સાહ અને જુસ્સો હતો તેના સ્મરણમાં ફુલશંકર શાસ્ત્રીજી અને તે સમયે વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ રહી ચૂકેલા શ્રી ઉમેશભાઈ ઓઝા આજે આ જન્મભૂમિના ભૂમિપૂજન પ્રસંગે ભાવુક થઈ ગયા હતા.

ઉંમરના આઠમા દશક પહોંચી ચૂકેલા આ બંને વડીલોએ પૂરા જોમ અને ખંતપૂર્વક રામલલ્લાને પુનઃ સ્થાપિત કરવા માટે લડત ચલાવી હતી. આ સ્વપ્રને સાકાર થતું નીહાળીને બંને મહાનુભાવો એ આ યજ્ઞવેદીમાં પોતાના પ્રાણોની આહૂતિ આપનાર કારસેવકોને પ્રણામ કર્યા હતા.

# શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ઓનલાઈન લોકગીત પ્રોજેક્ટ

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં તા. ૨૭મી જુલાઈએ ૨૦૨૦ના રોજ ધોરણ-૬ની વિદ્યાર્થીની બહેનો માટે લોકગીતનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો હતો અને વિદ્યાર્થીની બહેનોમાં રહેલી કલા અને સંગીતની સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા એમનો પણ ઘેર પ્રોજેક્ટ તૈયાર કરવા માટે આપ્યો. વિદ્યાર્થીની બહેનોએ વાલીઓના સહકારથી સુંદર સંગીતમય વીડિયો તૈયાર કર્યા હતા. આ સમગ્ર પ્રોજેક્ટ શાળાના શિક્ષક દક્ષાબેન દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તથા આચાર્ય નીરુબેન પટેલે સર્વ વિદ્યાર્થીની બહેનોને તેમના સુંદર કાર્ય માટે અભિનંદન પાઠવ્યા હતા.








‘લાયન્સ કલબ ઓફ અમદાવાદ હેરિટેજ દ્વારા રક્ષાબંધનની ઉજવણી’ લાયન્સ કલબ ઓફ અમદાવાદ હેરિટેજ દ્વારા રક્ષાબંધનના તહેવારની સેક્ટર-૧૯ સ્થિત સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને ચોકલેટ, માસ્ક, સેનેટાઈઝર આપવામાં આવ્યા હતા. કલબના સભ્યોએ બાળકો સાથે મનોરંજન વાતો પણ કરી હતી. લાયન્સ કલબ અમદાવાદ હેરિટેજના પ્રમુખ લાયન હેમંત અડાલજા, લાયન સુનીલ ત્રિવેદી, વિગેરે નજરે પડે છે.




આત્મનિર્ભર યોજનાના લાભાર્થી અજયભાઈ સોલંકીને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે ચેક વિતરણ કરાયું હતું.



અત્યાર આ કોરોનાની મહામારી માં સમગ્ર દુનિયા લડી રહી છે ત્યારે આવા કપરા સમયમાં ઘણા તહેવારો ફીકકા પડ ગયા હોય તેવો માહોલ સર્જાયો છે ત્યારે હિંડોળા ઉત્સવ અનેક મંદિરોમાં ઉજવાઈ રહ્યા છે ત્યારે ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામમાં સ્વામિનારાયણ મંદિર ખાતે હિંડોળા ટીમ દ્વારા કેદારનાથની અદભૂત થીમ પર હિંડોળા પર્વની ઉજવણી કરી હતી.

# સિક્કાની બીજી બાજુ વિચારી એ તો રસ્તો મળી આવે : ઇચ્છાશક્તિથી કઈ પણ કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ એટલે ‘ધ અર્થીંગ ગ્રુપ’

કોવિડ-૧૯ ના આગમન સાથે સમગ્ર મનોરંજન ક્ષેત્ર થંભી ગયું. પોતાના થિએટર સ્કૂલ ના તમામ આયોજન રદ થતા ની સાથે આ ગ્રુપ ક્ષણ વાર માટે અટક્યું. ગ્રુપ પોતાના નાટક (ના - અટક )ના સૂત્રને સાર્થક કરતા પહેલાં લોકડાઉનના પહેલાંજ અઠવાડિયામાં કાર્યરત થયું અને જે થિએટર સ્કૂલ લોકોને ભેગા કરી કોઈ સ્થળ પર આયોજીત થતી તે સંપૂર્ણ રીતે ઓનલાઇન માધ્યમ માં કરી બતાવી. શીખવાડવાની પોતાની આગવી ઈચ્છાથી ઓનલાઇન થિએટર સ્કૂલ ની ચાર સીઝન આ ગ્રુપ દ્વારા કરવામાં આવી. ઘણા બધા લોકો આ કપરા સમયગાળા માં સ્કૂલ માં જોડાયા અને પોતાની બધીજ નકારાત્મકતા દૂર કરી ખુદમાં રહેલા આર્ટિસ્ટની, એક હકારાત્મક વ્યક્તિત્વની ઓળખ મેળવી. સાથે ગ્રુપ દ્વારા માસ્ટર ક્લાસ નું આયોજન થયું તેમાં લોકો ને થિએટર નું જ્ઞાન મળ્યું. સાથે લેખન કલા ને વિકસાવવા માટે લેખન કાર્યશાળા અને ફિલ્મ એપ્રિસિએશન વર્કશોપનું આયોજન કરાયું. ગુજરાત રાજ્ય લેવલ ની એક મોનોલોગ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું. જેમાં લોકો એ હોંશે હોંશે ભાગ લઈ પોતાનામાં રહેલી પ્રતિભા લોકડાઉંનના સમય માં બહાર લાવ્યા. આ તમામ ઓનલાઈન કાર્યક્રમોમાં થિએટર, ફિલ્મ અને મનોરંજન ક્ષેત્ર ના અનેક મહારથીઓ જોડાયા. રાજુ બારોટ, કમલ જોશી, આલોક ગાગડેકર, સુકમલ મૈત્રા, ઓજસ રાવલ, હેમાંગ દવે, માનવ ગોહેલ, મિહિર ભુતા, હિરેન ભાદાણી, રાજકુમાર રજક, યુસુફ હસન અર્કો, શાંતનુ બોઝ, હર્ષલ વ્યાસ પોતાની પાસે રહેલા જ્ઞાનને લોકો ને પીરસ્યું.

Covid-19 ના કારણે આખા વિશ્વમાં મનોરંજન ક્ષેત્રે નાટક જોવા માટે ઑડિટોરિમ બંધ હતા ત્યારે. ભારત માં સર્વ પ્રથમ વખત આખા ઑડિટોરિયમ ને જ લોકો ના મોબાઈલ સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય ધ અર્થીંગ ગ્રૂપે કરી બતાવ્યું. પોતાની આગવી સુજબુજ અને આવડત ને કામે વળગાડી, આખી ટીમ ના સહયોગ થી એક-બે નહિ પણ પુરા ૬ નાટક લોકોને પીરસ્યા. અને એ પણ દેશ-વિદેશ ની ભાષા અને સંસ્કૃતિની ઝલક બતાવતા નાટક. દા.ત. ગુજરાતના કોઈ વ્યક્તિ ને બાંગ્લાદેશ નું નાટક જોવું હોય તો



ત્યાં જવું અશક્ય હોય કે ત્યાંનું નાટક અહીં લાવવું ખુબ ખર્ચાળ સાબિત થાય. પણ આ ગ્રુપ ના સુંદર પ્રયત્નથી બાંગ્લાદેશ, કોલકાત્તા, રાજસ્થાન, દિલ્લી અને ગુજરાત ના નાટકો નો સમન્વય થયો.અને આ તમામ નાટકો ઘરે બેઠા લોકો એ ‘રંગશ્રુષ્ટિ - ૨.૦ ઈન્ટરનેશનલ થિએટર ફેસ્ટિવલ- ૨૦૨૦’ દ્વારા માણ્યા.

નાટક વિશે જણાવીએ તો બાંગ્લાદેશ દિગ્દર્શક યુસુફ હસન અર્કો ની રચના ‘બ્રાતો આમી મોન્ત્રોહીન’ બાંગ્લા ભાષામાં, કલકત્તાથી સુકમાલ મિત્ર રચિત ‘કોથાય ગાલો’ બેંગોલી ભાષામાં, રાજસ્થાનથી રાજકુમાર રજક રચિત ‘નિરંતર એકલવ્ય’ હિન્દી ભાષામાં, દિલ્હીથી શાન્તાનું બોઝ રચિત ‘ફાઉસ્ટ’ હિન્દી ભાષામાં અને ગુજરાતથી રાજુ બારોટ રચિત ‘હા... મેં તને ચાહી છેં, ઝીંદગી’ ગુજરાતી ભાષામાં સાથે હર્ષલ વ્યાસની રચના ‘રાવણ’ તેના ૧૦ દ્રષ્ટિકોણ થી એક ભાષાના બેરીયર ને તોડી નૃત્ય-નાટિકા ની પ્રસ્તુતિ આ ફેસ્ટિવલમાં થઈ. લોકોને આ નાટક બતાવવા માટે ગ્રુપ દ્વારા ‘ઓનલાઈન ઑડિટોરિમ’ની રચના કરવામાં આવી જ્યાં રેજીસ્ટ્રેશન ની પ્રક્રિયા દ્વારા લોકોને મેલ દ્વારા નિર્ધારિત સમય પર જે રીતે ઑડિટોરિયમમાં જઈ નાટક જોવે તેવી રીતે ઓનલાઇન નાટક પીરસવામાં આવ્યા. આ સંપૂર્ણ ફેસ્ટિવલ માં ભારત ના વિવિધ રાજ્યો ની સાથે વિદેશ થી પણ નાટ્ય રસિકો જોડાયા.આખા જુલાઈ માસ દરમ્યાન શનિ - રવિવારે આ નાટક ની પ્રસ્તુતિ કરવામાં આવી. નાટક પૂર્ણ થયા બાદ તે નાટક ના દિગ્દર્શક સાથે ઓનલાઈન માધ્યમ દ્વારા ડિરેક્ટર મીટનું પણ આયોજન કરવામાં આવ્યું.તેમાં પ્રસ્તુત થયેલા નાટક ને લગતી પ્રશ્નોત્તરી સાથે જેતે રાજ્ય કે દેશ માં હાલ નાટ્ય ક્ષેત્ર માં ચાલતી પ્રવૃતિઓ થી પણ બધાને ડિરેકટરે અવગત કર્યા.આ સંપૂર્ણ ફેસ્ટિવલ ઓનલાઈન કરવા માટે સંપૂર્ણ ટીમ હંમેશા ખડેપગે રહી અને ફેસ્ટિવલ ને સાર્થક બનાવ્યો.

ધ અર્થીંગ ગ્રુપ પરિવાર ના સદસ્યો અક્ષત દરજી ,વત્સલ વ્યાસ વૃંદા નથવાણી અને શાન હિમા દ્વારા માર્કેટિંગ, નીતિન ધનકાની દ્વારા યુટ્યૂબ , શિવમ જાની, દીપ પંચાલ, મૈત્રી દવે, સેસિલ મેકવાન અને ચિરાગ દેશાણી દ્વારા તમામ પ્રક્રિયા ને ઓનલાઈન જોડવાની અને કાઈસીસ મેનેજમેન્ટ કરવાની ફરજ નિભાવી. સાથે પરિધિ શેલત આચાર્ય, વંદના સંઘવી, કેયુર બ્રહ્મભટ્ટ, મેઘા ખંધાર, રાજ પંડ્યા તમામ કાર્યો માં સહયોગ આપ્યો. ધ અર્થીંગ ગ્રુપના ફાઉન્ડર પ્રફુલ પંચાલ અને કો-ફાઉન્ડર ચિરાગ પારેખ દ્વારા આ તમામ લોકોને યોગ્ય માર્ગદર્શન આપ્યું અને સાબિત કરી બતાવ્યું કે ઈચ્છાશક્તિ હોય તો માણસ કઈ પણ કરી શકે છેં.

## ડાયરેક્ટ ❤ સે

દરેક લોકોને જવાબ આપવો જરૂરી નથી...

જવાબ ના આપવો એ પણ એક જવાબ જ છે...

## જન્મદિને વધામણી



મહેન્દ્રસિંહ પી વિહોલ
મો. ૭૩૫૯૪ ૮૪૧૨૧



અશ્વિનભાઈ આર પંડ્યા
મો. ૯૪૨૬૩ ૧૭૭૨૨



પંકજ પ્રજાપતિ
મો. ૮૩૨૦૬ ૪૩૪૪૬



હર્ષા મેવાડા
લાયોનેસ ક્લબ



રૂદ્રરાજસિંહ
પ્રદિપસિંહ વાઘેલા